# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

એક્ઝીક્યુટીવ કાઉન્સિલની બેઠક નં.૧૩,
તા.૨૪/૦૮/૨૦૧૮ની કાર્યવાહી નોંધ

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભા તારીખ ૨૪/૦૮/૨૦૧૮, શુક્રવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી મીટીગ હોલ, ગવર્નમેન્ટ પોલીટેક્નીક, ખડીયા, જૂનાગઢ ખાતે માનનીય કુલપતિશ્રી પ્રો.(ડો.) જે.પી. મૈયાણીના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમા નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર/ગેરહાજર રહયા હતા.

| ક્રમ | અધિનિયમની કલમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ ગેરહાજર |
|---|---|---|---|---|
| 1 | 24 (I) (i) of Act 2015 | પ્રો.(ડો.) જે.પી. મૈયાણી | Ex-Officio Member Chairperson | હાજર |
| 2 | 24 (I) (ii) of Act 2015 | કમિશ્નર ઓફ હાયર એજ્યુકેશન ગુજરાત રાજ્ય | Ex-Officio Member | ગેરહાજર |
| 3 | 24 (I) (iii) of Act 2015 | કમિશ્નર ઓફ ટેક્નીકલ એજ્યુકેશન ગુજરાત રાજ્ય | Ex-Officio Member | ગેરહાજર |
| 4 | 24 (I) (iv) of Act 2015 | કમિશ્નર ઓફ હેલ્થ એન્ડ મેડીકલ સર્વીસીસ એન્ડ મેડીકલ એજ્યુકેશન ગુજરાત રાજ્ય | Ex-Officio Member | ગેરહાજર |
| 5 | 24 (II) (ii) of Act 2015 | પ્રિન્સિપાલ ડો. કે. એચ. કરમટા | Member | હાજર |
| 6 | 24 (II) (ii) of Act 2015 | પ્રિન્સિપાલ ડો. એચ. ડી. ઝણકાટ | Member | હાજર |
| 7 | 24 (II) (ii) of Act 2015 | પ્રિન્સિપાલ ડો. આર. પી. ભટ્ટ | Member | ગેરહાજર |
| 8 | 24 (II) (ii) of Act 2015 | પ્રિન્સિપાલ ડો. રશ્મીબહેન પી. મહેતા | Member | હાજર |
| 9 | 24 (II) (iv) of Act 2015 | ડો. જે. કે. જોશી | Member | હાજર |
| 10 | 24 (II) (iv) of Act 2015 | ડો. ચેતનાબેન પાણેરી | Member | હાજર |
| 11 | 24 (II) (iv) of Act 2015 | ડો. મહેશભાઈ પી. મૈત્રા | Member | હાજર |
| 12 | 24 (1)(II) (i) of Act 2015 | ડો.ચેતન એન.ત્રિવેદી | Member | હાજર |
| 13 | 24 (1)(II) (i) of Act 2015 | ડો.સુહાસ જે.વ્યાસ | Member | હાજર |
| 14 | 24 (1)(II) (i) of Act 2015 | ડો.જયસિંહ બી.ઝાલા | Member | હાજર |
| 15 | 24 (1)(II) (iii) of Act 2015 | ડો.ફીરોઝ એ.શેખ | Member | હાજર |
| 16 | 24 (1)(II) (iii) of Act 2015 | ડો.મેહુલ પી.દવે | Member | હાજર |
| 17 | 24 (1)(II) (v) of Act 2015 | શ્રી ચંદ્રેશભાઈ હેરમા | Member | હાજર |
| 18 | 24 (1)(II) (v) of Act 2015 | સુ.શ્રી ભાવનાબેન અજમેરા | Member | હાજર |
| 19 | 24 (1)(II) (v) of Act 2015 | શ્રી જયભાઈ ત્રિવેદી | Member | હાજર |
| 20 | 24 (1)(II) (v) of Act 2015 | પ્રા.જીવાભાઈ વાળા | Member | હાજર |

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની તારીખ :૨૪/૦૮/૨૦૧૮ ને શુક્રવારના રોજ યુનિવર્સિટીના મીટીંગ હોલમાં સવારે ૧૧:૦૦ કલાકે મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સીલની બેઠક નંબર ૧૩ની કાર્યવાહી નોંધ(મિનિટ્સ)**

| | |
|---|---|
| ૧ | **ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની તા :૨૧/૦૭/૨૦૧૮ ને શનીવારના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સીલ તથા બોર્ડ ઓફ ગવર્નર્સની સંયુક્ત બેઠક નં.૧૨ની કાર્યવાહી નોંધ(મિનિટ્સ)ને મંજુર કરવા બાબત.**<br><br>**ઠરાવ નં.૦૧**<br>**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની તા.૨૧/૦૭/૨૦૧૮ને શનીવારના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સીલ તથા બોર્ડ ઓફ ગવર્નર્સની સંયુક્ત બેઠક નં.૧૨ની કાર્યવાહી નોંધ(મિનિટ્સ)ને સર્વાનુમતે મંજુર કરવામાં આવી.** |
| ૨<br>**કુલસચિવ કાર્યાલય** | **ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢના બિન–શૈક્ષણિક કર્મચારીઓના શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃભનય–૧૨૧૭–૯૯૦–ખર તા.૧૩/૦૮/૨૦૧૮ના ઠરાવથી મંજૂર થયેલ સાતમા પગાર પંચ મુજબ પગાર ધોરણો ની અમલવારી કરવા બાબત**<br>શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃભનય–૧૨૧૭–૯૯૦–ખર તા.૧૩/૦૮/૨૦૧૮ના ઠરાવથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢના બિન–શૈક્ષણિક કર્મચારીઓના ગુજરાત રાજ્ય સેવા(પગાર સુધારણા) નિયમો,૨૦૧૬ અનુસાર અને તેની જોગવાઈઓને આધીન તા.૦૧/૦૧/૨૦૧૬થી સ્કેલ ટુ સ્કેલને ધોરણે કેન્દ્રીય સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણાનો લાભ સદર ઠરાવમાં આપવામાં આવેલ શરતોને આધીન મંજૂર કરવામાં આવેલ છે.શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃભનય–૧૨૧૭–૯૯૦–ખર તા.૧૩/૦૮/૨૦૧૮ના ઠરાવ વંચાણે લઈ અત્રેની યુનિવર્સિટીના બિન–શૈક્ષણિક કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬થી સ્કેલ ટુ સ્કેલને ધોરણે કેન્દ્રીય સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણાનો લાભ આપવા અંગે અમલવારી કરવા અર્થે રજૂ.<br><br>**ઠરાવ નં.૦૨**<br>**શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ ભનય–૧૨૧૭–૯૯૦–ખર તા.૧૩/૦૮/૨૦૧૮ના ઠરાવથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢના બિન–શૈક્ષણિક કર્મચારીઓના ગુજરાત રાજ્ય સેવા(પગાર સુધારણા) નિયમો,૨૦૧૬ અનુસાર અને તેની જોગવાઈઓને આધીન તા.૦૧/૦૧/૨૦૧૬થી સદર ઠરાવમાં આપવામાં આવેલ શરતોને આધીન મંજૂર કરવામાં આવેલ સ્કેલ ટુ સ્કેલને ધોરણે કેન્દ્રીય સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણાનો લાભ આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.** |
| ૩<br>**કુલસચિવ કાર્યાલય** | **ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢના શૈક્ષણિક કર્મચારીઓ પૈકી જે શૈક્ષણિક કર્મચારીઓ અને વહીવટી કર્મચારીઓની નવ વર્ધિત પેન્શન યોજના અન્વયે નિમણૂંક થયેલ છે તેવા કર્મચારીઓની નવ વર્ધિત પેન્શન યોજના અંગેની કાર્યવાહી કરવા બાબત.**<br>૧)અત્રેની યુનિવર્સિટીના ફરજ બજાવતા શૈક્ષણિક તથા વહીવટી કર્મચારીઓ દ્વારા તેમની સેવા દરમ્યાન મળતા વિવિધ લાભો અંતર્ગત પેન્શન યોજનાના લાભ અન્વયે જે કર્મચારીઓ રાજ્ય સરકારશ્રીની નવ વર્ધિત પેન્શન યોજના અંતર્ગત જોડાવવા અંગેની પસંદગી કરેલ છે,જે અંગેની ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી પત્ર ક્રમાંકઃ OW/૨૦૧૮ /P/ JC–૫/૪/ ૮૮૪૪ તા.૩૦/૦૭/૨૦૧૮ થી નવ વર્ધિત પેન્શન યોજના કાયમી પેન્શન ખાતા નંબરની ફાળવણી કરવામાં આવેલ છે.જે અન્વયે યુનિવર્સિટી દ્વારા આગળની કાર્યવાહી કરવા મંજૂરી અર્થે રજૂ.<br>૨) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં રાજ્ય સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃભનય–૧૧૧૭–ન.બા.–CHE–૧૭૪–ખ–૨.તા.૧૦/૦૫/૨૦૧૮ અનુસાર મંજૂર કરવામાં આવેલ ૧૪ શૈક્ષણિક મહેકમ તેમજ આસીસ્ટન્ટ પ્રોફેસર અંગ્રેજી(જનરલ) પૈકી નિમણૂંક થયેલ કર્મચારીઓ જેમને નવ વર્ધિત પેન્શન યોજના લાગુ કરવાની થાય છે તે અંગે આગળની કાર્યવાહી કરવા મંજૂરી અર્થે રજૂ. |

| | |
|---|---|
| | **ઠરાવ નં.૦૩**<br>**૧) અત્રેની યુનિવર્સિટીના ફરજ બજાવતા શૈક્ષણિક તથા વહીવટી કર્મચારીઓ દ્વારા તેમની સેવા દરમ્યાન મળતા વિવિધ લાભો અંતર્ગત પેન્શન યોજનાના લાભ અન્વયે જે કર્મચારીઓ રાજ્ય સરકારશ્રીની નવ વર્ધિત પેન્શન યોજના અંતર્ગત જોડાવવા અંગેની પસંદગી કરેલ છે,જે અંગેની ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી પત્ર ક્રમાંક: OW/૨૦૧૮ /P/ JC–૫/૪/ ૮૮૪૪ તા.૩૦/૦૭/૨૦૧૮ થી નવ વર્ધિત પેન્શન યોજના કાયમી પેન્શન ખાતા નંબરની ફાળવણી કરવામાં આવેલ છે.જે અન્વયે યુનિવર્સિટી દ્વારા કર્મચારીઓના નિયમાનુસાર સીપીએફ કપાતની ગણતરી કરી આગળની કાર્યવાહી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**<br>**૨) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં રાજ્ય સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: ભનય–૧૧૧૭–ન.બા.–CHE–૧૭૪–ખ–૨.તા.૧૦/૦૫/૨૦૧૮ અનુસાર મંજુર કરવામાં આવેલ ૧૪ શૈક્ષણિક મહેકમ તેમજ આસીસ્ટન્ટ પ્રોફેસર અંગ્રેજી(જનરલ) પૈકી નિમણૂંક થયેલ કર્મચારીઓ જેમને નવ વર્ધિત પેન્શન યોજનાની પસંદગી કરે તેવા કર્મચારીઓની નવ વર્ધિત પેન્શન યોજના અંતર્ગત કાયમી પેન્શન ખાતા નંબર મેળવવા અંગેની કાર્યવાહી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.** |
| **૪**<br>**કુલસચિવ કાર્યાલય** | **ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢમાં શૈક્ષણિક સંવર્ગમાં નિમણૂંક પહેલા અન્ય સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા હોય અને માન્ય ભરતી પધ્ધતિથી નિમણૂંક પામેલ હોય તેવા કર્મચારીઓના પગાર રક્ષિત,પગાર બાંધણી ,જૂની પેન્શન યોજના લાભ તથા તેમની સેવા સળંગ ગણવા બાબત.**<br>વંચાણે લીધું:૧) નાણા વિભાગના પરીપત્ર ક્રમાંક:પગર–૧૦૯૩–૮૭૧–ચ તા.૧૭/૦૬/૧૯૯૪<br>૨) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:૧૦૨૦૧૪–યુ.ઓ.૪૧૪–ચ તા.૧૯/૦૮/૨૦૧૪<br>રાજ્ય સરકારશ્રીના નાણા વિભાગના પરીપત્ર ક્રમાંક:પગર–૧૦૯૩–૮૭૧–ચ તા.૧૭/૦૬/૧૯૯૪ તથા ઠરાવ ક્રમાંક:૧૦૨૦૧૪–યુ.ઓ.૪૧૪–ચ તા.૧૯/૦૮/૨૦૧૪ અનુસાર ગુજરાત મુલકી સેવા(પગાર) નિયમો –૨૦૦૨ની જોગવાઈ મુજબ સરકારી કર્મચારી એક સેવામાં સેવા બજાવતા હોય અને જ્યારે ગુજરાત જાહેર સેવા આયોગ અથવા માન્ય ભરતી પધ્ધતિ દ્વારા પસંદગી પામી રાજ્ય સરકારના અન્ય ખાતા કે કચેરીમાં સમાન કે ઉચા પગાર ધોરણવાળી જગ્યાએ નિમણૂંક પામે ત્યારે નાણા વિભાગના પરીપત્ર ક્રમાંક:પગર–૧૦૯૩–૮૭૧–ચ તા.૧૭/૦૬/૧૯૯૪ની નીચે દર્શાવેલ મુજબની જોગવાઈઓને આધીન તેના પગારને રક્ષણ આપવામાં આવે છે.<br>૧) નવી નિમણૂંક ઉચા/વધુ પગાર ધોરણ અથવા સરખા પગાર ધોરણ વાળી જગ્યા પર હોય તેવા કિસ્સામાં નોંધ–૮ મુજબ પગાર રક્ષણ આપી શકાશે.નીચા પગાર ધોરણ ધરાવતી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે તો આ લાભ આપી શકાશે.નહી.<br>૨) ઉપર મુજબ જયારે પગાર રક્ષિત કરવામાં આવે ત્યારે પગાર બાંધણી નીચે મુજબ કરવાની રહેશે.<br>(ક) કર્મચારી જે પગાર ધોરણમાં હોય તે પગાર ધોરણ અથવા નવી નિમણૂંકના પગાર ધોરણમાં સરખા તબક્કા હોય તે કિસ્સામાં કર્મચારી ને તબક્કે જ નવા પગાર ધોરણમાં પગાર બાંધણી કરવાની રહેશે. અને ઈજાફાની જુની તારીખ જાળવવાની રહેશે.<br>(ખ) કર્મચારી પોતાની મૂળ નિમણૂંકવાળી જગ્યા પરથી નવી નિમણૂંકની જગ્યા પર નિમણૂંક પામે અને તે જગ્યાના પગાર ધોરણમાં સરખો તબક્કો ન હોય તો નવા નિમણૂંકવાળી જગ્યાના પગાર ધોરણમાં તુરંતજ નીચેના તબક્કે પગાર બાંધણી કરવી અને આમ કરતાં મૂળ પગારમાં જેટલો ઘટાડો થાય તે રકમ અંગત પગાર તરીકે આપવાની રહેશે જે ભવીષ્યમાં મળનાર ઈજાફામાં ભેળવી દેવાની રહેશે.આ કિસ્સામાં પણ ઈજાફાની મૂળ તારીખ જાળવવાની રહેશે.<br>ઉપર્યુક્ત સંદર્ભ પત્ર વંચાણે લઈ યોગ્ય કાર્યવાહી કરવા તથા અમલવારી કરવા અર્થે રજૂ.<br>**ઠરાવ નં.૦૪**<br>**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢમાં શૈક્ષણિક સંવર્ગમાં નિમણૂંક પહેલા અન્ય સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા હોય અને માન્ય ભરતી પધ્ધતિથી નિમણૂંક પામેલ હોય તેવા કર્મચારીઓના ઉપર્યુક્ત ઠરાવ વંચાણે લઈ પગાર રક્ષિત,પગાર બાંધણી ,જૂની પેન્શન યોજના લાભ તથા તેમની સેવા સળંગ કરવા અંગે યુનિવર્સિટી દ્વારા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવાનું અને તે અંગે જરૂરી કાર્યવાહી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.** |

| | |
|---|---|
| ૫<br>એકેડેમિક | **અત્રેની યુનિવર્સિટી સંલગ્ન શ્રી જ્ઞાનભારતી કોલેજ ઓફ સાયન્સમાં બી.એસસી. અભ્યાસક્રમ ક્રમશઃ બંધ કરવા અંગે આવેલ દરખાસ્ત બાબત.**<br>અત્રેની યુનિવર્સિટી સંલગ્ન શ્રી જ્ઞાનભારતી કોલેજ ઓફ સાયન્સને શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭થી બી.એસસી અભ્યાસક્રમની મંજૂરી આપવામાં આવેલ.જેને શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃભનય/૨૦૧૭ /૪૧૪/ખ/ તા. ૧૩/૦૬/૨૦૧૭ના પત્રમા આપેલ શરતોને આધીન સૈધ્ધાતિક પૂર્વમંજૂરી આપવામાં આવેલ. શ્રી જ્ઞાનભારતી કોલેજ ઓફ સાયન્સ દ્વારા તા.૦૯/૦૭/૨૦૧૮ના પત્રથી બી.એસસી. અભ્યાસક્રમ ક્રમશઃ બંધ કરવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ છે.સદર કોલેજના પત્ર વંચાણે લઈ માનનીય કુલપતિશ્રી દ્વારા અભ્યાસક્રમ બંધ કરવા આપેલ મંજૂરી અંગેની કાર્યવાહીને બહાલી આપવા રજૂ.<br><br>**ઠરાવ નં.૦૫**<br>**ઉપર્યુક્ત બાબતે ચર્ચા વિચારણાને અંતે શ્રી જ્ઞાનભારતી કોલેજ ઓફ સાયન્સ દ્વારા તા.૦૯/૦૭/૨૦૧૮ના પત્રથી બી.એસસી. અભ્યાસક્રમ ક્રમશઃ બંધ કરવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ.સદર કોલેજને શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃભનય/૨૦૧૭ /૪૧૪/ખ/ તા. ૧૩/૦૬/૨૦૧૭ના પત્રમા આપેલ શરતોને આધીન સૈધ્ધાતિક પૂર્વ મંજૂરી આપવામાં આવેલ હોવાથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૮થી સદર કોલેજના બી.એસસી.અભ્યાસક્રમ ક્રમશઃ બંધ કરવા અંગે રાજ્ય સરકારશ્રીમાં ભલામણ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.** |
| ૬<br>એકેડેમિક | **IQAC (Internal Quality Assurance Cell) ની પ્રથમ બેઠક તા.૦૫/૦૪/૨૦૧૮ તથા દ્વિતીય બેઠક તા.૧૪/૦૮/૨૦૧૮ની કાર્યવાહી નોંધ વંચાણે લઈ મંજૂર કરવા બાબત.**<br>અત્રેની યુનિવર્સિટી ખાતે IQAC (Internal Quality Assurance Cell) ની પ્રથમ બેઠકનુ આયોજન તા.૦૫/૦૪/૨૦૧૮ તથા દ્વિતીય બેઠકનું આયોજન તા.૧૪/૦૮/૨૦૧૮ રોજ કરવામાં આવેલ હતું.પ્રથમ તથા દ્વિતીય બેઠકની કાર્યવાહી નોંધ વંચાણે લઈ મંજૂર કરવા રજૂ.(કાર્યવાહી નોંધ સભા સમયે રજૂ રાખવામાં આવશે)<br><br>**ઠરાવ નં.૦૬**<br>**IQAC (Internal Quality Assurance Cell) ની પ્રથમ બેઠક તા.૦૫/૦૪/૨૦૧૮ તથા દ્વિતીય બેઠક તા.૧૪/૦૮/૨૦૧૮ની કાર્યવાહી નોંધ(મિનિટ્સ)ને વંચાણે લઈ સર્વાનુમતે મંજુર કરવામાં આવી.** |
| ૦૭<br>મહેકમ | **અત્રેની યુનિવર્સિટી ખાતે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃપગર /૧૨૦૯/૩૬૬૨/પાર્ટ ફાઈલ/ખ–૨તા.૧૮/૦૮/૨૦૧૭થી મંજૂર થયેલ રજીસ્ટ્રારની જગ્યા તથા શિક્ષણ વિભાગના,સચિવાલય,ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃભનય–૧૨૧૭–૯૯૦–ખર તા.૧૩/૦૮/૨૦૧૮ના ઠરાવ અનુસાર સાતમાં પગાર પંચ અનુસારની પરીશિષ્ટ–અ ના ક્રમ નંબર ૧ થી ૩ મુજબની જગ્યાઓ અનુક્રમ નં.૧)રજીસ્ટ્રાર, ૨) મુજબ લો ઓફીસર ૩) મુજબ ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ ઓફિસરની ત્રણ જગ્યા ભરવા અંગેની કાર્યવાહી કરવા બાબત.**<br>અત્રેની યુનિવર્સિટી ખાતે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા.૧૮/૦૮/૨૦૧૭ના ઠરાવ ક્રમાંકઃપગર /૧૨૦૯/૩૬૬૨/પાર્ટ ફાઈલ/ખ–૨ થી મંજૂર થયેલ રજીસ્ટ્રારની જગ્યા તથા શિક્ષણ વિભાગના,સચિવાલય,ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃભનય–૧૨૧૭–૯૯૦–ખર તા.૧૩/૦૮/૨૦૧૮ના ઠરાવના પરીશિષ્ટ–અ ના ક્રમ નંબર ૨(બે) મુજબ લો ઓફીસર તથા ૩(ત્રણ) મુજબ ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ ઓફિસરની જગ્યા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ ભનય–૧૨૧૭–૯૯૦–ખર તા.૧૩/૦૮/૨૦૧૮માં આપવામાં આવેલ શરતોને આધીન સાતમા પગાર પંચ મુજબના પગાર ધોરણ મુજબ ભરવા યુ.જી.સી. તથા રાજ્ય સરકારશ્રીના નિયમાનુસાર ભરતી કરવા અંગેની કાર્યવાહી કરવા માનનીય કુલપતિશ્રીને અધિકૃત કરવા અર્થે રજૂ. |

| | |
|---|---|
| | **ઠરાવ નં.૦૭**<br>**રાજય સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃપગર /૧૨૦૯/૩૬૬૨/પાર્ટ ફાઈલ/ખ–૨ તા.૧૮/૦૮/૨૦૧૭થી મંજૂર થયેલ રજીસ્ટ્રારની જગ્યા તથા શિક્ષણ વિભાગના, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃભનય–૧૨૧૭–૯૯૦–ખર તા.૧૩/૦૮/૨૦૧૮ના ઠરાવ અનુસાર સાતમાં પગાર પંચ અનુસારની પરીશિષ્ટ–અ ના ક્રમ નંબર ૧ થી ૩ મુજબની જગ્યાઓ અનુક્રમ નં.૧)રજીસ્ટ્રાર, ૨) મુજબ લો ઓફીસર ૩) મુજબ ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ ઓફિસરની ત્રણ જગ્યા ભરવા અંગેની કાર્યવાહી કરવા માનનીય કુલપતિશ્રીને અધિકૃત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.** |
| ૦૮<br>પરીક્ષા | **D.M.L.T. નોન સીબીસીએસ અભ્યાસક્રમના પરીક્ષા માટેના પાસીગ અંગેના નિયમો નિયત કરવા અંગે માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.**<br>હાલ અત્રેની યુનિવર્સિટીના સ્ટેચ્યુટ અને ઓર્ડીનન્સ રાજય સરકારશ્રીમાં મંજુરી અર્થે કાર્યવાહીમાં હોઈ D.M.L.T. નોન સીબીસીએસ અભ્યાસક્રમના પરીક્ષા માટેના પાસીગ અંગેના નિયમો અંગેની જોગવાઈ અન્વયે હાલ વચ્ચ ગાળાના સમય માટે D.M.L.T. નોન સીબીસીએસ અભ્યાસક્રમના પરીક્ષા માટેના પાસીગ અંગેના નિયમો નક્કી કરવા અંગે માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવા રજૂ.<br><br>**ઠરાવ નં.૦૮**<br>**D.M.L.T. નોન સીબીસીએસ અભ્યાસક્રમના પરીક્ષા માટેના પાસીગ અંગેના નિયમો નીચે મુજબની વિગત નિયત કરવા અંગે માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.**<br>**૧) દરેક વિષયમાં પ્રેકટીકલ અને થીયરી ૪૦ માર્કસ, ૪૦ માર્કસે પાસ થઈ શકે.**<br>**૨) વિદ્યાર્થીના ટોટલ માર્કસ ૫૦% થવા જરૂરી છે.**<br>**દા.ત. ૮૦૦ માંથી ૪૦૦ માર્કસ હોય તો પાસ થઈ શકે.**<br>**૩) પરંતુ જો કુલ ગુણ ૮૦૦ માંથી ૪૦૦ માર્કસ ન થતા હોય તેવા સંજોગોમાં તેઓના ૫૦% માર્કસથી નીચે માર્કસ આવે તે વિષયમાં પ્રેકટીકલ + થીયરીમાંથી ૧૦૦ માર્કસથી નીચે માર્કસ હોય તે વિષયમાં નાપાસ જાહેર કરવાનો થાય.**<br>**૪) પુનઃ મુલ્યાંકનના નિયમોઃ**<br>**પુનઃ ચકાસણી દરમ્યાન જો વિદ્યાર્થીને ૮(આઠ) માર્કસથી વધુનો તફાવત આવે તે વિદ્યાર્થીને આપી દેવાનો થાય અને જો પુનઃ ચકાસણી દરમ્યાન ૨૦(વીસ) માર્કસથી વધુનો તફાવત આવે તો તે પેપરનું બીજી વખત પુનઃચકાસણી કરાવવાની થાય છે. અને બીજી વખત પુનઃ ચકાસણી દરમ્યાન જે માર્કસ આવે તેનો પ્રથમ વખતની ચકાસણી અને બીજી વખતની ચકાસણીને ટોટલ ગુણ કરીને બંને સરેરાશ ગુણ મુકવાની જોગવાઈ કરવામાં આવેલ છે.** |
| ૦૯<br>પરીક્ષા | **માર્ચ–એપ્રિલ ૨૦૧૮માં લેવાયેલ બી.એસસી. સેમેસ્ટર ૨(CBCS) પરીક્ષા પરિણામો જાહેર કરવામાં આવ્યા છે તેને બહાલી આપવા બાબત.**<br>માર્ચ–એપ્રિલ ૨૦૧૮માં લેવાયેલ બી.એસસી. સેમેસ્ટર ૨(CBCS) પરીક્ષા પરિણામો જાહેર કરવામાં આવ્યા છે જે આ સાથે સામેલ છે.<br><br>**ઠરાવ નં.૦૯**<br>**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા માર્ચ–એપ્રિલ ૨૦૧૮માં લેવાયેલ બી.એસસી. સેમેસ્ટર ૨(CBCS) પરીક્ષા પરિણામો જાહેર કરવામાં આવ્યા તે અંગે માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.** |
| ૧૦<br>એકેડેમિક | **Ph.D. ગાઈડશીપની માન્યતા આપવા બાબત**<br>ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં Ph.D. ગાઈડશીપ માટે અરજી કરેલ સંબંધિત પ્રાધ્યાપકો પાસેથી પૂર્તતા કરી પરત આવેલ અરજીઓની બાહ્ય નિષ્ણાંત દ્વારા ચકાસણી કરવામાં આવેલ જેની |

| | |
|---|---|
| | યાદી સભા સમયે રજૂ કરવામાં આવશે.જે ધ્યાને લઈ Ph.D.ગાઈડશીપની માન્યતા આપવા અંગે નિર્ણય કરવા અર્થે રજૂ.(પરિશિષ્ટ–૧)<br><br>**ઠરાવ નં.૧૦**<br>**Ph.D.ગાઈડશીપ અંતર્ગત આવેલ અરજીઓમાં શિક્ષણ વિદ્યાશાખા વિષયમાં ૧)ડૉ.ગંગારામ જે.રાઉત ૨) ડૉ.મનોજકુમાર જે.ભટ્ટ ૩)ડૉ.ભાવનાબેન જી.ડાંગર ૪) ડૉ.વિપુલાબેન વી.વાઘેલા ૫)ડૉ. ચન્દ્રકાંત એમ.રામાનુજ તથા વિનયન વિદ્યાશાખા અંતર્ગત ગુજરાતી વિષયમાં ૧)ડૉ. રમેશચંદ્ર બી.મહેતા Ph.D. ગાઈડશીપની માન્યતા આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.** |
| ૧૧.૧<br>ટેબલ આઈટમ<br>નં.૧. | **અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તેવી બાબતો.**<br>**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ માટે આપવામાં આવેલ નવા જોડાણ અંગે કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.**<br>શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ માટે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા ૮ (આઠ)નવી યુ.જી. કોલેજોને જોડાણ આપવામાં આવ્યા તેમજ ૨(બે)પી.જી.ડીપ્લોમા કેન્દ્રોને માનનીય કુલપતિશ્રી દ્વારા એક્ઝીક્યુટીવ કાઉન્સિલની બહાલી અપેક્ષાએ તથા રાજ્ય સરકારશ્રીના સૈધ્ધાતિક પૂર્વ મંજૂરી અપેક્ષાએ જોડાણ અંગે કરવામા આવેલ કાર્યવાહીને બહાલી આપવા સારુ રજુ.<br>**ઠરાવ નં.૧૧.૧**<br>**૧)પરીશિષ્ટ ૧ નવા જોડાણ કોલેજની યાદી**<br>**૨)પરીશિષ્ટ ૨ પી.જી.ડીપ્લોમાં કેન્દ્રોની યાદી**<br>**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા નિયમાનુસાર કાર્યવાહી શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ માટે પરિશિષ્ટ ૧ મુજબ આપવામાં આવેલ નવા જોડાણની વિગત વંચાણે લઈ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ રાજ્ય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરીની અપેક્ષાએ મંજુર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**<br>**તેમજ ૨૦૧૮–૧૯માં પરિશિષ્ટ ૨ મુજબ પી.જી.ડીપ્લોમા કેન્દ્રો અંગેની વિગત વંચાણે લઈ માનનીય કુલપતિશ્રી દ્વારા પી.જી.ડીપ્લોમા કેન્દ્રોને આપવામાં આવેલ માન્યતાને સર્વાનુમતે મંજૂર રાખવાનું ઠરાવવામાં આવે છે.** |
| ૧૧.૨<br>ટેબલ<br>આઈટમ<br>નં.૨. | **અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તેવી બાબત**<br>**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે જૂનીયર ઈજનેર(સીવીલ) તથા સુપરવાઈઝર(સીવીલ) જગ્યા ભરવા અંગે માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.**<br>યુનિવર્સિટીમાં શૈક્ષણિક હેતુ માટે ફાળવવામાં આવેલ જમીન ઉપર યુનિવર્સિટી ખાતે પ્રથમ ફેઈઝનું બાંધકામ શરૂ કરવા અંગેની પ્રક્રિયા શરૂ કરવાની હોઈ,હાલ અત્રેની યુનિવર્સિટી ખાતે જુનીયર ઈજનેર(સીવીલ) તથા સુપરવાઈઝર (સીવીલ) ની જગ્યા હાલ ખાલી હોવાથી,રાજ્ય સરકારશ્રી દ્વારા જુનીયર ઈજનેર(સીવીલ)ની જગ્યા મંજૂર થાય ત્યાં સુધી યુવિનર્સિટીની બાંધકામ અંગેની કાર્યવાહી શરૂ કરી શકાય અને યુનિવર્સિટીના બાંધકામની પ્રક્રિયા ઉપર યોગ્ય નિરક્ષણ થઈ શકે તે માટે હાલ પ્રાથમિક આવશ્યકતાને ધ્યાને લઈને કામચલાઉ ધોરણે ૧૧ માસ કરાર આધારિત જુનિયર ઈજનેર(સીવીલ) તથા સુપરવાઈઝરની જગ્યા ભરવા તથા આ અંગેની નિયમાનુસાર કાર્યવાહી અંતર્ગત વર્તમાનપત્રમાં જાહેરાત આપવા અંગેની કાર્યવાહી માનનીય કુલપતિ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવા રજૂ.<br>વધુમાં જણાવવાનું કે જૂનીયર ઈજનેર(સીવીલ) તથા સુપરવાઈઝર(સીવીલ) જગ્યા ભરવા અંગે આગળની કાર્યવાહી કરવા માનનીય કુલપતિશ્રીને અધીકૃત કરવા રજૂ.<br>**ઠરાવ નં.૧૧.૨**<br>**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે જૂનીયર ઈજનેર(સીવીલ) તથા સુપરવાઈઝર(સીવીલ) જગ્યા ભરવા અંગે માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.**<br>**વધુમાં જણાવવાનું કે જૂનીયર ઈજનેર(સીવીલ) તથા સુપરવાઈઝર(સીવીલ) જગ્યા ભરવા અંગે આગળની કાર્યવાહી કરવા માનનીય કુલપતિશ્રીને અધીકૃત કરવામાં આવે છે.** |

# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

| | |
|---|---|
| ૧૧.૩<br>ટેબલ<br>આઈટમ<br>નં.૩. | **અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તેવી બાબત**<br><br>**યોગી દ્વાર,બિલખા રોડથી અત્રેની યુનિવર્સિટી કેમ્પસ વચ્ચેના માર્ગને ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી માર્ગ નામ આપવા અંગે જૂનાગઢ મહાનગરપાલીકા દ્વારા તથા અત્રેની યુનિવર્સિટી દ્વારા સંયુક્ત ઉપક્રમે કરવામાં કાર્યવાહીને બહાલી આપવા તથા આ અંગે તા.૨૧/૦૭/૨૦૧૮ના રોજ થયેલ ખર્ચ રૂા.૧૬૬૫૦/– તથા તા.૨૧/૦૭/૨૦૧૮ના રોજ યુનિવર્સિટી ખાતે સમૃતિવંદના કાર્યક્રમ અંતર્ગત થયેલ ખર્ચ રૂા.૮૦૮૯૬/– મંજૂર કરવા બાબત.**<br><br>ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી તથા જૂનાગઢ મહાનગરપાલીકા,જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે યોગી દ્વાર,બિલખા રોડથી અત્રેની યુનિવર્સિટી કેમ્પસ વચ્ચેના માર્ગને ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી માર્ગ નામ આપવા અંગે કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવા તથા આ અંગે થયેલ ખર્ચ ખર્ચ રૂા.૧૬૬૫૦/– તથા તા.૨૧/૦૭/૨૦૧૮ના રોજ માનનીય શિક્ષણ મત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજી ચૂડાસમા તથા પૂજય શ્રી મોરારી બાપૂની અધ્યક્ષતામાં યુનિવર્સિટી ખાતે સ્મૃતિવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જે અંગે થયેલ ખર્ચ રૂા.૮૦૮૯૬/– મંજૂર કરવા અર્થે રજૂ.<br>**ઠરાવ નં.૧૧.૩**<br>**યોગી દ્વાર,બિલખા રોડથી અત્રેની યુનિવર્સિટી કેમ્પસ વચ્ચેના માર્ગને ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી માર્ગ નામ આપવા અંગે જૂનાગઢ મહાનગરપાલીકા દ્વારા તથા અત્રેની યુનિવર્સિટી દ્વારા સંયુક્ત ઉપક્રમે કરવામાં કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવા આવે છે.**<br>**તેમજ આ અંગે તા.૨૧/૦૭/૨૦૧૮ના રોજ થયેલ ખર્ચ રૂા.૧૬૬૫૦/– તથા તા.૨૧/૦૭/૨૦૧૮ના રોજ યુનિવર્સિટી ખાતે સમૃતિવંદના કાર્યક્રમ અંતર્ગત થયેલ ખર્ચ રૂા.૮૦૮૯૬/– સર્વાનુમત મંજૂર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.** |
| ૧૧.૪<br>ટેબલ<br>આઈટમ<br>નં.૪. | **અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તેવી બાબત**<br>**ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીના પત્ર ક્રમાંકઃરસયટિ.નં.૧/ઝોનલ કે./૨૦૧૮/૨૪૫૧–૫૪ તા.૦૮/૦૮/૨૦૧૮ના પત્રથી રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃતિ સઘન બનાવવા અંગે રાજય સરકારની ખાસ ગ્રાન્ટની અંતર્ગત ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢના યજમાન પદે ઝોનલ કેમ્પ ઉજવવા અંગેના આયોજન બાબત.**<br>ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીના પત્ર ક્રમાંકઃરસયટિ.નં.૧/ઝોનલ કે./૨૦૧૮/૨૪૫૧–૫૪ તા.૦૮/૦૮/૨૦૧૮ના પત્રથી રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃતિ સઘન બનાવવા અંગે રાજય સરકારની ખાસ ગ્રાન્ટની અંતર્ગત ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢના યજમાન પદે ઝોનલ કેમ્પ ઉજવવા અંગે તા.૧૭ થી ૧૯ ઓગષ્ટ ૨૦૧૮ ઉજવવા અંગે આયોજન કરવામાં આવેલ.<br>પરંતુ આપણા દેશના સ્વર્ગીય પૂર્વ વડાપ્રધાનશ્રી અટલ બિહારી બાજપાઈજીનું દુઃખદ નિધન થતા અને સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર થતા સદર ઝોનલ કેમ્પનું આયોજન તા.૧૦ થી ૧૨ સપ્ટેમ્બર ૨૦૧૮ દરમિયાન આયોજન કરવામાં આવેલ છે.<br>સદર ઝોનલ કેમ્પના આયોજન અંતર્ગત થનાર ખર્ચ માટે રાજય સરકારશ્રી દ્વારા રૂા.૧,૪૦,૦૦૦/–નું અનુદાન અત્રેની યુનિવર્સિટીને ફાળવવામાં આવેલ છે જે પૈકી પ્રથમ તબક્કામાં રૂા.૮૪૦૦૦/– ચોયાસી હજારનું અનુદાન મળેલ છે.ઉપર્યુક્ત પત્ર વંચાણે લઈ માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવા રજૂ તેમજ રાજય સરકારશ્રી તરફથી મળનાર અનુદાન કરતા જો સદર ઝોનલ કેમ્પમાં વધુ ખર્ચ થાય તો સ્વનિર્ભરિથી સદરેથી ખર્ચ મંજૂર કરવા રજૂ.<br>**ઠરાવ નં.૧૧.૪**<br>**ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીના પત્ર ક્રમાંકઃરસયટિ.નં.૧/ઝોનલ કે./૨૦૧૮/૨૪૫૧–૫૪ તા.૦૮/૦૮/૨૦૧૮ના પત્રથી રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃતિ સઘન બનાવવા અંગે રાજય સરકારની ખાસ ગ્રાન્ટની અંતર્ગત ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢના યજમાન પદે ઝોનલ કેમ્પ ઉજવવાની સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.આ અંતર્ગત થનાર આનુષંગિક ખર્ચની માટે માનનીય કુલપતિશ્રીને અધિકૃત કરવામાં આવે છે.** |

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

| | |
|---|---|
| **૧૧.૫ ટેબલ આઈટમ નં.૫.** | **અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તેવી બાબત**<br>**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮થી પીએચ.ડી. તથા એમ.ફીલ. અભ્યાસક્રમ શરૂ કરવા અંગે માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.**<br>એક્ઝીક્યુટીવ કાઉન્સિલની બેઠક નં.૧ના ઠરાવ ક્રમાંક ૯ તથા એક્ઝીક્યુટીવ કાઉન્સિલની બેઠક નં.૫ ના અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તેવી ટેબલ આઈટમ નંબર ૧ના ઠરાવ ક્રમાંક અનુસાર ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે કુલ ૨૦ વિષયોમાં અંદાજે ૨૪૨ બેઠક ઉપર પીએચ.ડી અભ્યાસક્રમ તથા એમ.ફીલ અભ્યાસક્રમમાં કુલ ૪ વિષયોમાં કુલ ૧૧ બેઠક ઉપર પ્રવેશ મેળવવા અંગે જાહેરાત આપવામાં આવેલ છે. માનનીય કુલપતિશ્રી દ્વારા પીએચ.ડી. તથા એમ.ફીલ. અભ્યાસક્રમ શરૂ કરવા અંગે કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવા રજૂ.<br>**ઠરાવ નં.૧૧.૫**<br>**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮થી પીએચ.ડી. તથા એમ.ફીલ. અભ્યાસક્રમ શરૂ કરવા અંગે માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.** |
| **૧૧.૬ ટેબલ આઈટમ નં.૬.** | **અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તેવી બાબત**<br>**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના રિવાઈઝ્ડ ઓર્ડિનન્સ તૈયાર કરવા અંગેની કાર્યવાહી કરવા બાબત.**<br>તા.૧૪/૦૮/૨૦૧૮ના રોજ એડવાઈઝર કેસીજી અને રાજય સરકારશ્રીની સુચના અન્વયે અત્રેની યુનીવર્સિટી દ્વારા સ્ટેચ્યુટ રાજય સરકારશ્રીમાં મંજૂરી અર્થે રજૂ રાખવામાં આવેલ હોય,રાજય સરકારમાંથી મંજૂર થઈ આવ્યા બાદ સ્ટેચ્યુટના આધારે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના ઓર્ડીનન્સ બનાવવા અંગેની કાર્યવાહી કરવા બાબત.<br>**ઠરાવ નં.૧૧.૬**<br>**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના રિવાઈઝ્ડ ઓર્ડિનન્સ તૈયાર કરવા અંગે નીચે મુજબની સમિતિની રચના કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે અને રીવાઇઝડ ઓર્ડિનન્સ તૈયાર કરી એક્ઝીક્યુટીવ કાઉન્સિલ સમક્ષ રજૂ કરવાનો રહેશે.**<br>**૧. પ્રો(ડો) ચેતન ત્રિવેદી    ૨. પ્રો (ડો) સુહાસ વ્યાસ**<br>**૩. પ્રો (ડો) એ.એચ.બાપોદરા    ૪. શ્રી ચંદ્રેશભાઈ હેરમા**<br>**૫. પ્રા.જીવાભાઈ વાળા** |

I/C રજીસ્ટ્રાર

ક્રમાંક: બીકેએનએમયુ/ રજી./EC-13/૩૯૫/૨૦૧૮–૧૯
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,ખડીયા, જુનાગઢ
તા. ૨૭/૦૮/૨૦૧૮
પ્રતિ,

- એક્ઝીક્યુટીવ કાઉન્સીલના સર્વે સભ્યશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના :

- માનનીય કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી